ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૧-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

ચૂંટણીપંચના કઠેડામાં કેજરીવાલ

એક તરફ દિલ્હીની ચૂંટણીમાં કેજરીવાલ મુખ્યમંત્રી પદ માટે હોટ ફેવરીટ રાજનેતા બની ગયા છે તો બીજી તરફ એ કોઇ ને કોઇ વિવાદ ઊભા કરતા રહે છે. એક વર્ષ આઉ થયેલી ચૂંટણી વખતે પણ પ્રચાર દરમિયાન એમણે મતદારોને મત ખરીદવા માગતા કોંગ્રેસ અને ભાજપ પાસેથી ચૂંટણી નિમિત્તે મળતાં નાણાં તથા અન્ય બક્ષિસો સ્વીકારી લેવા અને પછી મતદાન ટાણે એમને ડિંગો બતાવવાની હાકલ કરેલી. અદ્દલ એ જ હાકલનું એમણે ફરી એક વાર પુનરાવર્તન કરેલ છે. કેજરીવાલની એ વાત ખોટી નથી કે રાજકીય પક્ષો મત મેળવવા માટે મતદારોને ભાત ભાતની લાલચ આપતા રહે છે. ભારત જેવા ગરીબ મતદારોની બહુમતી ધરાવતા દેશોમાં મતદારોને આકર્ષવા માટે ખાણીપીણી, દારૂ અને સાડી-ધોતી ઉપરાંત કેશ-રોકડ રકમ આપવાની પ્રથા છેલ્લાં ઘણાં વર્ષોથી પરંપરાનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. કાળું નાણું ચૂંટણી ટાણે મોટા પ્રમાણમાં ઠલવાતું રહે છે અને ‘ચાર દિનોં કી ચાંદની’ જેવી ચૂંટણીની મોસમમાં ગરીબ મતદારો મોજમજા કરવા ટેવાઇ ગયા છે. કેજરીવાલ ઝૂંપડપટ્ટીઓના અને મજૂરી કરી પેટીયું રળતાં નાના માણસોના લાડકા નેતા તરીકે ઊપસી આવેલા હોઇઆ વરવી વાસ્તવિકતાને નકારી શકે તેમ નથી. પરંતુ એમણે તો ભ્રષ્ટાચાર વિરુદ્ધ રણશિંગુ ફૂંકીને અણ્ણા હજારેનાં આંદોલનમાં ઝુકાવ્યું હતું. ‘કચરો’ સાફ કરવા ઝાડુ લઇને નીકળેલા કેજરી સામે ચાલીને ગરીબ મતદારોને લાંચનાં નાણાં સ્વીકારવાની શિખામણ આપે છે ત્યારે એમનો રથ પ્રામાણિકતાની ઊંચાઇએથી વેંચ નીચો ઊતરે છે. કોંગ્રેસે આ મુદ્દે ચૂંટણીપંચને ફરિયાદ પણ કરી છે, પરંતુ કોઇ ફરિયાદ કરે એ પહેલાં જ ચૂંટણીપંચે આ મુદ્દો ગંભીરતાપૂર્વક લઇ કેજરીવાલ સામે કાર્યવાહી હાથ ધરી હતી. આવી બેહૂદી શિખામણ કોઇ પણ લોકપ્રતિનિધિને છાજે નહીં. એમાં મતદાતાનું અપમાન તો થાય જ છે, સાથે જ જનપ્રતિનિધિત્વ કાનૂન અને ભારતીય દંડસહિતા અન્વયે આ રીતે લાંચ લેવી, આપવી કે લેવા-આપવા માટે કોઇયે પ્રોત્સાહિત કરવું એ ગુનો બને છે. કેજરીવાલ ૪૯ દિવસ સુધી દિલ્હીના મુખ્યમંત્રી પદે રહેલા છે અને એ દરમિયાન પણ છડેચોક ફૂટપાથ પર રાતવાસા કરી પ્રજાને આકર્ષવાના નાટકવેડા કરી ચૂક્યા છે. છેલ્લે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સતીશ ઉપાધ્યાય વિરુદ્ધ ઝડપી મીટરો લગાવતી કંપનીના માલિક હોવાનો સનસનાટીભર્યો આરોપ મૂકીને એમણે ભાજપની પ્રતિષ્ઠા ખરડવાની કોશિશ કરી હતી. એ મુદ્દે પણ ચૂંટણીપંચમાં ફરિયાદ થયેલ છે. કેજરીવાલ લોકપ્રિય નેતા બનવાની તમામ લાયકાતો ધરાવતા પ્રામાણિક કાર્યકર - એક્ટિવિસ્ટ છે. દિલ્હી માટે જ નહીં, દેશ માટે એ લાંબી રેસનો ઘોડો પુરવાર થઇ શકે એમ છે. એમણે આવાં હલકાં અને નાટકિયાં નિવેદનોથી પરહેજ રાખવો ઘટે.

હરિની દૃષ્ટિ...

મેક ઇન ઇન્ડિયા અભિયાન આવ્યું છે એટલે સ્વચ્છ ભારત અભિયાન બંધ નથી કર્યું... તારે તો સફાઇ ચાલુ જ રાખવાની શું સમજ્યો ?

સર્વ વિદ્યાલય કેમ્પસમાં પ્રજાસત્તાક દિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સે. ૨૩માં આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તેની તમામ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬મી જાન્યુઆરીએ સવારે ૮ વાગે ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં વી.પી.એમ.પી. પોલિટેકનિક કોલેજના દાતા વિષ્ણુભાઈ પી. પટેલના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ ડી. પટેલ પ્રેરક ઉદ્બોધન કરશે. આ કાર્યક્રમ સર્વવિદ્યાલય કેમ્પસમાં યોજાશે. જેમાં વિવિધ સંસ્થાઓ અલગ અલગ રાજ્યોના કાર્યક્રમ પ્રદર્શિત કરશે તેમજ પ્રદર્શનનું ઉદ્ઘાટન પણ કરવામાં આવશે.

ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર/વાયરમેનની પરીક્ષાનું પરીણામ

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ આવેલ સચિવશ્રી, લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગભવન, ગાંધીનગર મારફત રાજ્યના સુપરવાઈઝર પરીક્ષાના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ કેન્દ્રો તથા વાયરમેન પરીક્ષાના અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, પાટણ, ભુજ, રાજકોટ, જુનાગઢ અને ભાવનગર ખાતે નવેમ્બર-૨૦૧૪માં યોજાયેલ ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર તેમજ વાયરમેનની લેખીત તથા મૌખિખ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોના રોલનંબર આ ખાતાની વેબસાઈટ http://ceiced.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે.

બીબીએ કોલેજમાં પ્લેસમેન્ટ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના સે-૨ ઉમાં આવેલ બી.પી. કોલેજ ઓફ એડમિનીસ્ટ્રેશન દ્વારા તાજેતરમાં પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરની કંપની ટેક્ષ ટેકટ ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા ૩૦ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતાં. આ પ્લેસમેન્ટ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની ક્વોલીટી એશ્યોરન્સ અને કસ્ટમર સર્વિસ જેવી જગ્યાઓ માટે પસંદગી કરવામાં આવી હતી. વિવિધ ક્ષેત્રની કંપનીઓ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને નોકરીમાં પ્રાધાન્ય અપાય છે તે બાબતને ધ્યાને રાખીને કોલેજ દ્વારા નિયમિત રીતે પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં કોલજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કમિટિના ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ તથા પ્રો. આશીષ ભુવા દ્વારા સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આર.સી. સ્કૂલના વિદ્યાર્થીઓની એનએસએસ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સે-૨ ઉમાં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ આર.સી. પટેલ સ્કૂલનાં વિદ્યાર્થીઓની વાર્ષિક એનએસએસ શિબિર વિજાપુર તાલુકાના મણિપુરા મુકામે યોજવામાં આવી હતી. આ શિબિરમાં પ્રોગ્રામ ઓફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ શિબિરમાં વિદ્યાર્થીઓએ પ્રભાત ફેરી, ગામ સફાઈ, મૌન અને બોલતી રેલી, વિવિધ જન જાગૃતિ અંગેના શેરી નાટકો, રાત્રિના સમયે મનોરંજક કાર્યક્રમો, યોગાસન, જન જાગૃતિ પત્રિકા વિતરણ, ભીંતસૂત્ર લેખન, ગરીબોને ગરમ કપડાંનું વિતરણ, લોક ડાયરો, નિસર્ગ સાયન્સ સેન્ટરના વડા અનિલભાઈના માર્ગદર્શનમાં અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ, સ્વાસ્થ્ય અને આહાર અંગે પોસ્ટર નિદર્શન અને વ્યસન મુકિતના કાર્યક્રમો હાથ ધરી ગ્રામજનોનું દિલ જીતી લીધું હતું. આ કાર્યક્રમો માટે સ્કૂલ સંચાલક મંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

સમસ્ત ખડાયતા સમાજનું વાર્ષિક સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સમસ્ત ખડાયતા સમાજ, ગુજરાતનું વાર્ષિક સંમેલન અને ઉંધીયા ઉજાણી તેમજ શૈક્ષણિક વર્ષ-૨૦૧૪ ઈનામો ઉત્સવ સહિત આયોજન કરવામાં આવેલ વધુમાં કે.જી. થી ડીગ્રી સુધીના તમામ બાળકોને ૨૦૧૪ના વર્ષ માટે પ્રમુખ ડી.એફ. શાહ તથા અન્ય કારોબારી સભ્યોના હસ્તે ઈનામ વિતરણ વર્ષમાં એમ.એસ. જનરલ સર્જનની ઉપાધી મેળવતા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ રમતગમતમાં પ્રથમ આવેલ તમામ સભ્યોને ઈનામો

રમતગમતનો કાર્યક્રમ જુના સચિવાલય કેન્ટીન ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતો. બાળકો, મહિલાઓ, વડીલોએ મોટી સંખ્યામાં હાજર રહી ભાગ લીધો હતો.

આ સ્નેહ સંમેલનમાં મનોરંજનાત્મક રમતોનું આયોજન કરવામાં આવેલ જેમાં સંગીત ખુરશી, લીંબુચમચી, દોડ, લોટમાંથી રૂપિયો કાઢવો, માટલા ફોડ વગેરે રમતોનું કરવામાં આવેલ તેમજ તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ જેઓએ ૭૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા સાત વડીલ ગુણવંતભાઈ, કુંજબાળા જી. શાહ, વિમળાબેન એન. શાહ, નવીનચંદ્ર જે. શાહ, સુશ્રી વનલીલાબેન એચ. શાહ, નવનીતલાલ પરીખ અને ચંદ્રિકાબેન પરીખ તેમજ ડૉ. ગુંજન શૈલેષભાઈ દેસાઈની દિલ્હી યુનિવર્સિટી હેઠળની લેડી હાર્ડીંગ કોલેજમાંથી ૨૦૧૪ના આપવામાં આવેલ. તેમજ દરેક નાના બાળકોને ઈનામ આપવામાં આવેલ. આ કાર્યક્રમને સુંદર રીતે સફળ બનાવવા પ્રમુખ ડી.એફ. શાહ, મંત્રી હર્ષદભાઈ ગાંધી, રસિકભાઈ ગાંધી, મહેન્દ્રભાઈ આર. શાહ, બેલાબેન કે. શાહ ફાલ્ગુની ગાંધી, મનીષ શાહ, અતુલ લાઘાવાલા, જે.ઓ. શાહ, બી.જે. શાહ અને એમ.એમ. શાહે ભારે જહેમત ઉઠાવી હતી.

માનવ મનમાં રહેલી અદ્ભુત શક્તિનો ઉપયોગ કરવાની રીત શિખવતી વિદ્યા એટલે ‘ધ સિલ્વા મેથડ’

Desire, Belief and Expectancy, આસ્થા વિશ્વાસ અને ઈચ્છીત અપેક્ષા પ્રાપ્તીની સ્વજલ - ઘદ્ધા રાખીને કાર્ય કરનાર વ્યક્તિ ધારે તો માણસમાંથી મહામાનવ, અલ્પમાંથી વિરાટ અને આત્માથી મહાત્મા સુધીની પદવી હાંસલ કરી શકે છે. શ્રી અરવિંદ કહેતા હતા કે પોતાની જાતની પૂર્ણતા માટે કોઈ અન્ય ઉપર આધારીત રહેવાને બદલે જીવનના વધુ પૂર્ણરૂપ અને આકૃતિની રચના કરે. એવી આંતરીક પૂર્ણતાની અભિવૃદ્ધિ તરફ વધવું અને અંદરથી બહારની તરફનું જીવન જીવતા શીખવું તેમજ મનુષ્યની એકમાત્ર સલામતિ રહેલી છે. ગાયત્રી પરિજનના પ્રણેતા પ.પૂ. શ્રી રામશર્મા આચાર્યશ્રીના મતે માનવજીવનની પશુમય ઉત્ક્રાંતિ હજુ યથાવત છે. આ પ્રદેશની અંદર પૂર્ણ સામર્થ્યનો આનંદ અને સહજજ્ઞાનની કેવી તેજોમય સમૃદ્ધિ અને જીવનની અગાધ શાંતિ અને રાહ જોતી બેઠી છે. મનની શાંતિ અને મનમંદિરના પ્રદેશની તેને કેવળ ઝાંખી થઈ જાય તો અંદરના ખજાનાને શોધવા માટે જરાય વિચરશે નહીં. સંતો - મુનિ અને મહાન તત્વચિંતકોએ લગભગ એક સરખી વાત તેમના મુમુક્ષો સમક્ષ મુકી છે. ક્યાંક તેમની ઉપાસના પદ્ધતિ અને શિક્ષણની રીતે થોડી બદલાય છે. બાકી સબ કા માલિક એક એ સનાતન સત્ય સર્વધર્મ અને સત્યનું એકમાત્ર મર્મ છે. આજે આપની સાથે જે ચિંતન - મંથન કરવા જઈ રહ્યો છું તેનો વિષય છે. ‘સિલ્વા મેથડ’ દુનિયાના લગભગ ૧૦૫ દેશોમાં અને ૩૦થી વધુ ભાષામાં શિખવવામાં આવતી ટેકનિકના નામે જાણીતું છે. માનસિક સંતુલન ‘Mind Development and Stress Control’નું જ્ઞાન આપતી આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. ખૂબ જ સરળ ભાષામાં મસજવું હોય તો મન અને મગજનો સદ્પ્રયોગ કરીને સુંદર ઈચ્છીત ફળ મેળવવાની વિદ્યા પદ્ધતિ શિખતી વૈજ્ઞાનિક કળા એટલે ‘The Silva Method’

સને ૧૯૪૪માં લોરેંડો ટેકસાસ (યુ.એસ.એ.) ખાતે શ્રી હોજે સિલ્વાએ આત્મિકમનને નિયંત્રણમાં રાખી તેના દ્વારા યાને કે મન દ્વારા માનવજીવન પશુજીવન પ્રકૃતિ એવમ્ જડ-ચેતન સાથે જોડાયેલા તમામ મૂળ લક્ષ્ય સુધી પહોંચી તેની સેવા કરવી એવું પ્રખર સાધનામાં સિદ્ધ કર્યું. તેઓ માનતા કે તેમના જીવનના સાત દાયકાઓને ૬૦ થી ૭૦ વર્ષનો સમયગાળો તેમણે માત્ર અને માત્ર આ પદ્ધતિની જાણકારી અને વિશેષતાઓ શોધવા પાછળ જ વાપરી અને તેઓ મક્કમપણે એવું પણ માનતા કે મનના નિયંત્રણ ઉપર તેઓની આ ખોજ ઈતિહાસની સૌથી મોટી શોધ બની જશે અને માનવ સેવાનો આધાર બનશે.

સને ૧૯૪૪ થી ૧૯૫૩ સુધી શ્રી હોજે સિલ્વાએ તેમણે મેળવેલ સિદ્ધિનો પ્રયોગ તેમની પોતાની દિકરીઓ (સંતાનો) ઉપર જ કર્યો. પરિણામ સ્વરૂપે તેમના પરિવારમાં શાંતિ, એકાગ્રતા અને જે પણ કંઈ ઈચ્છો તે પ્રાપ્ત કરવાની ક્ષમતાઓ હાંસલ કરી હતી. પ્રથમ વખત અંતર દૃષ્ટીની આ પદ્ધતિને ૧૯૫૩માં નાની-મોટી ઉંમરના ૩૯ નર - નારીનું ગ્રુપ બનાવીને શિખવવામાં આવી. ત્યારબાદ ૧૯૬૬થી તેનો વિસ્તાર સિલ્વાએ તેમના એકમાત્ર અધ્યાપકથી (જેઓ ખુદ પોતે)થી આ પદ્ધતિ શિખવવાની શરૂઆત કરી. જેના ફળ સ્વરૂપે વિશ્વભરના ૧૦૫ દેશો (હવે વધીને સંખ્યા ૧૩૦થી ઉપર)માં મન ઉપર નિયંત્રણની વિદ્યા શિખવવામાં આવે છે. જે વિશ્વની ૩૦ ભાષાઓમાં આપવામાં આવે છે. ભારત દેશમાં આ વિદ્યાના શ્રી ગણેશ શ્રી વિમલ રક્ષિત કે જેઓએ ૧૮ વર્ષ સુધી ‘હોજે સિલ્વા’ના સીધા માર્ગદર્શન હેઠળ તેઓનું જ્ઞાન મેળવેલ છે. આનંદની વાત એ છે કે શ્રી વિમલ રક્ષિત આજે ‘Silva Psychrlentoloy’ના અધિકૃત વિશ્વભરના ડાયરેક્ટર - લેકચરર છે. ત્યારબાદ સમગ્ર ભારતમાં માત્ર ત્રણ અધિકૃત ઓફિશિયલ સિલ્વા ટ્રેઈનર પૈકીના એક વડોદરાના શ્રી જયેશ પટેલ છે. જેઓ ગુજરાત, હૈદરાબાદ અને મહારાષ્ટ્રના મુખ્ય શહેરોમાં બે દિવસના હિન્દી વર્કશોપ કરે છે. જેનો લાખો લોકોએ લાભ લીધો છે અને તેમાં વાપીનું પણ સદ્ભાગ્ય એ છે કે જાણીતા બાળક રોગોના નિષ્ણાંત તબીબ સી. સી. શાહના સુપુત્ર હેમીલ શાહે વાપી સહિત સુરતથી મુંબઈ સુધીના મુમુક્ષોને આ અમૂલ્ય જ્ઞાનથી ધરોહરથી જાણીતા કર્યા છે.

શ્રી હોજે સિલ્વાએ તેમના સંશોધન દરમિયાન એ સિદ્ધ કર્યું કે માણસનું જમણું મગજ માણસની તમામ ઈચ્છાઓ, મહાત્વાકાંક્ષાઓ કે આદેશોને કોઈપણ પ્રકારના તર્ક કે દલિલ વગર સ્વીકારી તેને સાચા અર્થમાં હકીકતમાં બદલી આપવાનું સામર્થ્ય ધરાવે છે. જાગતા જાગતા યાને કે જાગૃત અને અર્ધજાગૃતા વચ્ચેની એક ચોક્કસ અવસ્થા જેને સિલ્વા મેથડમાં આલ્ફા અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. આપણું જમણું મગજ મહત્તમ ક્રિયાશીલ અને કાર્યક્ષમ હોય છે. તે આપણી તમામ પ્રકારની માંગણીને આદેશ સમજી તેનો સ્વીકાર કરી કામ શરૂ કરી દે છે. ટૂંકમાં સાદી ભાષામાં સમજવું હોય તો જાગતા જાગતા સ્વપ્ન જુઓ તેનું ચિત્ર બનાવો અને તે જોયેલ ચિત્રને હકીકત સ્વરૂપે સાકાર કરી ધાર્યું પરિણામ મેળવો કહેવાય છે કે, જાણીતા ઉદ્યોગપતિ અનિલ અંબાણી, બિગ-બી અમિતાભ બચ્ચન અને ક્રિકેટર સચિન તેંડુલકર સહિત અનેક કલાકારો અને સંગીતકારો સિલ્વા મેથડના સ્ટુડન્ટ છે.

સિલ્વા મેથડ શિખવે છે કે જમણા મગજના પટલ ઉપર અંકિત કરેલ માનસિક ચિત્ર જમીન ઉપર સ્વર્ગને ઉતારવાની પણ તાકાત ધરાવે છે. પ્રભુ એ પ્રત્યેક માનવીમાં એક જ સ્વરૂપની આ શક્તિ મુકેલ છે. સાધુ - સંતો અને તત્વજ્ઞાનીઓ સતત એકાંતમાં બેસી માત્ર અને માત્ર માનવ કલ્યાણના અર્થે જ આ શક્તિનો ઊર્જા સ્વરૂપે સંચિત કરે છે અને સૃષ્ટિના કલ્યાણ માટે તેનો સદ્ઉપયોગ કરે છે. આ કળા શિખનારાઓ વ્યવહારીક જગતમાં ઉદ્યોગ - વેપાર ધંધાના વિકાસ માટે જ્ઞાનશક્તિનો વધારો કરવા, ગૃહીણીઓ માટે, વડીલો માટે, સર્જકો માટે અને કોઈપણ એક વિશિષ્ટ ક્ષેત્રમાં પર્ફોર્મન્સ માટે આ મેથડ વિશેષ લાભદાયક છે. આ મેથડનો પ્રયોગ માત્ર અહીંથી જ પુરો થતો નથી પરંતુ જડ-ચેતન સહિત માનવીના પશુઓના વૃક્ષ - વનસ્પતિ સૃષ્ટિના આરોગ્ય માટે તે સૌથી વિશેષ લાભદાયક બને છે.

આજની હરીફાઈના યુગમાં સફળતા હાંસલ કરવા, પોતાની તમામ પ્રકારની મુશ્કેલીઓનું નિવારણ કરવા, યાદશક્તિ અને સર્જનશક્તિમાં વધારો કરવા પડેલી કુટેવોનો ત્યાગ કરવા રોગ નિવારવા, સ્વસ્થ રહેવા તદ્ઉપરાંત સવિશેષ આધ્યાત્મિક સ્તરમાં ગજબનો સુધાર લાવવા અને પ્રભુને પામવાનું ધનોહર બીજ એવી માનસિક શાંતિ પ્રાપ્ત કરવા માટે તેનો કોઈ વિકલ્પ નથી.

દુનિયાભરમાં ૧૦,૦૦,૦૦૦થી વધુ લોકોએ સિલ્વા માઈન્ડ કંટ્રોલ મેથડમાં ગ્રેજ્યુએશન પ્રાપ્ત કર્યું છે. જેઓએ આ પદવી હાંસલ કરી છે તેઓ સહર્ષ સ્વીકાર કરતા કહે છે કે, બ્રહ્માંડને મોટામાં મોટું કહેવામાં આવે છે અને શરીરને બ્રહ્માંડ સ્વરૂપનું ‘નાનામાં નાનું’ કહેવામાં આવે છે. અહી જો આકારની ન્યૂનતા કે અધિક્તા પર ધ્યાન આપવામાં ન આવે તો મનરૂપી માનવીની સત્તા પરમાત્માની સત્તાની સમકક્ષ પહોંચે છે. ઈશ્વરના તમામ અવતારો મનુષ્ય પ્રકૃતિમાં જ થયેલા છે અને મનુષ્યો જ દેવતાના રૂપે સૃજન અને દાનવતા રૂપમાં વિનાશના કૃત્યો કરે છે. આ પ્રકારનો બોધ તમામ ગ્રંથો - શાસ્ત્રો અને ધર્મમાં એકરૂપે કહેવામાં આવ્યા છે.

સવાલ છે આંખ ઉપર ધારણ કરેલા રંગીન ચશ્માથી જોવાને બદલે અંતરમન્ન (આલ્ફ લેવલ)માં જઈ માનવીના મનમાં છુપાયેલ એક આખા ગ્રહ જેવી શક્તિ જેમાં અસંખ્યા પરમાણુઓ, રસાયણો અને વિદ્યુત શક્તિઓના ભંડારને ઓળખે. શ્રી જયેશભાઈ પટેલ જેવા વડોદરા સ્થિત સિલ્વા મેથડના ટ્રેઈનર પાસેથી આ રહસ્ય જાણનારાઓ તેમનો અવશ્ય આભાર પ્રગટ કરે છે.

અજ્ઞાની કે સામાન્ય માણસો સહજ જ્ઞાન થતાં વધારે બબડતાં થાય છે, જયારે જ્ઞાની ઇન્દ્રિયોને વિષય-રસ-ભોગની સૃષ્ટિમાંથી પાછી ખેંચી આત્મનિગ્રહથી પરમ-પદ પામે છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

પરાચ્ચિ ખાનિ વ્યતૃળત્ સ્વયમ્ભ્
તસ્માત પરાઙ્પશ્યતિ નાન્તરાત્મન્
કશ્ચિદ ધીરઃ પ્રત્યગાત્માન મૈક્ષત્
આવૃત ચક્ષુર મૃતત્વ મિચ્છત્

બ્રહ્માએ ઇન્દ્રિયોની રચના બહિર્મુખ કરેલી છે. તેથી મનુષ્ય બાહ્ય- વિશ્વને જોઇ શકે છે. પણ અંતરાત્માને જોઇ શકતો નથી. પરંતુ મુમુક્ષો એવા જ્ઞાની-જનો વિષયી પદાર્થોમાંથી ઇન્દ્રિયોને પરાવૃત્ત કરી આત્માની અનુભૂતિ કરે છે.’

ક.ઠ.ઉ. ૨-૪-૧

‘કઠ ઉપનિષદનો આ મંત્ર આપણાં માનસિક વલણો પરત્વે પ્રકાશ ફેંકે છે. આપણે બાહ્ય - વિશ્વને જોવા માટે ઇન્દ્રિયોનો ઉપયોગ કરીએ છીએ. સર્જનહારે ઇન્દ્રિયોની રચના પણ એ પ્રકારે કરી છે. ઐલરેય ઉપનિષદ પ્રમાણે પરમાત્માએ માનવ-આકૃતિ રચી તેમાં વિવિધ દેવોનું તેનું સ્થાન ઇન્દ્રિયોમાં લેવા જણાવ્યું. દરેક ઇન્દ્રિયોને પોતાના જ ક્ષેત્રો અપાયા છે. જેમ કે ચક્ષુનું કાર્ય જોવાનું તો શ્રવણનું કાર્ય સાંભળવાનું. ઇન્દ્રિયો પોતાના ક્ષેત્રમાં કરાયેલ ભોગ પરત્વે આકર્ષાય છે. પ્રારંભમાં તો ઇન્દ્રિયોની વૃત્તિ માત્ર સદ્ તરફ જ હતી. પરંતુ કાલાન્તરે અસદ્ - તત્તવો પણ તેમાં ભળ્યા ને વિષયભોગની સૃષ્ટિ વધારે વિશાળ બની. વૃત્તિ નીચે-ક્ષેત્રો તરફ વધારે ઘસવા લાગી. વિષય ભોગમાં મગ્ન ઇન્દ્રિયોને મને જયારે સાથ આપ્યો ત્યારે વ્યક્તિ બાહ્ય જગતમાં જ રચ્યો-પચ્યો રહેવા લાગ્યો. બાહ્ય - વિશ્વની સુંદરતા કે કરૂપતા, શ્રવણ યોગ્ય રચના કે કામુક રચાના સ્વાદ કે આસ્વાદ જેવા પ્રશ્નોમાં અટવાઇ તેણે માત્ર ભોગ પરત્વે જ નજર ફેંકી. વિષય ભોગથી મળતાં સ્થૂળ તથા ક્ષણિક આનંદને મહત્ત્વ અપાયું. આ પ્રકારનો આનંદ વધારેમાં વધારે પ્રાપ્ત થાય તેવા ભોગના વિવિધ સાધનોની શોધ કરવામાં માનવીએ ધ્યાન આપ્યું.’

આનું કારણ માનવીનું અજ્ઞાન છે. સ્થુળ આનંદ કરતા કોઇ સનાતન આનંદ આપે તેવું છે. તેનો તેને ખ્યાલ ન આવ્યો આ અજ્ઞાન એટલે સ્વ સ્વરૂપ વિષયક જ્ઞાનનો અભાવ આપણને અજ્ઞાનનો ખ્યાલ કેમ આવે? શ્રુતિ જણાવે છે કે મનમાં પ્રવૃત્ત થતી વિવિધ કામનાઓ દ્વારા અજ્ઞાન વ્યક્ત થાય છે. આ કામનાઓને જ આપણે સામાન્ય ભાષામાં, વ્યવહારમાં ઇચ્છાઓ કહીએ છીએ. ઇચ્છાઓથી પ્રેરિત થયેલું આપણું મન ઇન્દ્રિયોની ગતિ દ્વારા એ ઇચ્છાઓની તૃપ્તિ ઇચ્છે છે. પરિણામે ઇન્દ્રિયો સાથે મન પણ ભોગની સૃષ્ટિમાં રઝળપાટ કરવા લાગે છે. સક્રિય થયેલી જ્ઞાનેન્દ્રિયો કર્મેન્દ્રિયોના સાથમાં ભોગ ભોગવવા પ્રવૃત્ત થાય છે. આ પ્રક્રિયા અથવા પ્રવૃત્તિને જ ‘કર્મ’ નામે ઓળખવામાં આવે છે, આ દૃષ્ટિએ જોતાં આસાન, કામના તથા કર્મ એક સાથે સંકળાય છે.

આ સાંકળ ત્રિવિધ રીતે ગુંથાય છે. જેને શંકરાચાર્યજી હૃદય-ગ્રંથી તરીકે ઓળકાવે છે. અજ્ઞાનનો નાશ થાય તો આપોઆપ આ સાંકળ તૂટે, આને જ હૃદય ગ્રંથીની છિન્નતા કે વિભાજતા ગણવામાં આવે છે. અજ્ઞાન ઘટે તેથી કામનાઓ પણ ઘટે કે નાશ પામે. કામનાઓ જ માનવીને દોડાવતી હોય છે. તેના કારણે જ મન અશાંતિ અનુભવતું હોય છે. જયારે તમામ ઇચ્છાઓ શાંત પડી જાય ત્યારે મન પણ શાંત બને છે. મનની શાંતિના કારણે કર્મ ન થાય અથવા તો ઓછા થવા લાગે. સુકર્મી થવાથી મોક્ષનો માર્ગ ખુલ્લો થાય છે. સ્વસ્વરૂપનું જ્ઞાન એ આ માર્ગનું પ્રથમ પગથિયું છે. કેટલાક આ સાંકળને અંતિમ છેડો કર્મ તેને પકડે છે તેઓના મતે પ્રથમ કર્મનો ત્યાગ અથવા કર્માસક્તિનો ત્યાગ એ મનને શાંત કરવાની પદ્ધતિ છે. જયારે ઇચ્છાઓનું કર્મમાં પરિવર્તન ન થાય ત્યારે ઇચ્છાઓ ઘટતી જાય. વિચારના આંદોલનો શાંત પડે. ચિત્તશુદ્ધિ થવા લાગે. પરિણામે મુક્તિ મળે. જયાં સુધી કામનાઓ બળવત્તર હોય ત્યાં સુધી કર્મો થતા રહે. કર્મ થાય તો તેના સારા-નરસા ફળો અવશ્ય મળે જ. જે ભોગવવા પાછો જન્મ લેવો પડે. આમ ચક્ર ફરતું રહે.

આપણે ત્યાં સદ્ગુરુઓ વારંવાર ઉપદેશ આપે છે કે ન આંતર-દષ્ટિ કરો. પરંતુ આંતર-ભાવ પ્રરત્વે દૃષ્ટિ જતી નથી. આના બે કારણે છે. અવિરત પ્રમાણમાં વધતી કામનાઓ તથા ઇન્દ્રિયોની બહિર્મુખતા. ઉપદેશકો અંદરની બાજુ જોવાનું કહે છે પણ અંદરની બાજુ જોવું એટલે શું કરવું? આત્માને જોવા દૃષ્ટિ કઇ રીતે અંદર - તરફ વાળવી તે સમજાતું નથી. જેઓ ધ્યાન ધ્વારા સાધના કરે છે. તેઓને માટે પણ જ્ઞાનેન્દ્રિયો સરળતાથી અંતર્મુખ શકતી નથી. દિવ્ય - તત્ત્વની અનુભૂતિ કરવાનું ઇન્દ્રિયો માટે શક્ય નથી. આમ છતાં કેટલાક માનવી ઊચ્ચ-સ્તરે પહોંચેલા હોય છે. તેઓ મોક્ષના દ્વાર સુધી પહોંચેલા હોઇને તમામ ઇન્દ્રિયોનો નિગ્રહ કરી શકે છે. તેઓ પોતાનું સમગ્ર ધ્યાન આંતર-મનમાં કેન્દ્રિત કરે છે. વિચારોના સતત વહેતા પ્રવાહોને તેઓ આત્મશક્તિ વડે રોકે છે. જયારે પણ, જરા પણ અસદ્ વિચાર આવે કે તુરત સાવધાન થઇને મનને શાંત કરે છે. દૃષ્ટિને આંતરિક બાજુએ વાળવા માટે જરૂરી છે આવશ્યક અંતર્મુખતા. મૌન, હિંમત, અટલ શ્રદ્ધા અને માનસિક શાંતિ.

શ્રુતિ જ્ઞાની તથા અજ્ઞાની તુલના કરતાં જણાવે છે કે, જ્ઞાની માણસોમાં વિવેક જાગૃત હોય છે તેઓ આંતર-બાહ્ય એક્તાનો અનુભવ કરતા હોય છે. તેઓ સત્ય તથા મિથ્યા વચ્ચેના ભેદ સમજે છે. તેથી બાહ્ય વિશ્વમાં જે પ્રાપ્ત છે. તેના કરતાં આંતરિક વિશ્વની પ્રાપ્તિને મહત્ત્વ આપે છે. મનની ભ્રમણાઓ તથા કેટલાક આવેગોને તેઓ સારી રીતે સમજી શકે છે. જેથી પોતાની જાતને તરંગમાં તણાતી બચાવી શકે છે. તેઓની ઝંખના તો અનંત-અમૃત પ્રાપ્ત કરવાની હોય છે. પરિણામે નાશવંત કે પરિવર્તનશીલ પદાર્થોના ભોગની લાલસા જ્ઞાની માણસો રાખતા નથી. કામનાઓ તથા કર્મો તો માનવ-જાતના આંતરિક શત્રુ છે. વિદ્વાનો આ બાબત સ્પષ્ટ જાણે છે. તેથી બેના પર અકુંશ મેળવે છે. અને કર્મોમાં અનાશક્તિ ભાવ કેળવે છે. નિષ્કામ ભાવ સેવવાથી તમામ અજ્ઞાનનો અંત આવે છે. કામના તથા કર્મ પણ અજ્ઞાનના જ સ્વરૂપો છે તેથી તેનો પણ અંત આવે છે.

એક સામાન્ય સંસારીની માફક જ્ઞાનીઓ જયાં ત્યાં ભટકતા નથી. વિષયો માટે કદિ તલસતા નથી. તેઓની સાધનાનું મુખ્ય અંગ મૌન હોય છે. મૌન માત્ર બાહ્ય નહિ જીહવા બંધ એટલું જ નહિ, મૌનમાં આત્મભાવમાં નિમગ્ન, જયારે વ્યક્તિ મૌનના અગાધ-સાગરમાં ડૂબકી મારે છે ત્યારે તેને ભીંતરના અવાજો સંભળાય છે. તેના ચિત્તમાં આપોઆપ પ્રભુની વાણીનું પ્રાગટ્ય થાય છે. અંતર-મનમાં પ્રકાશ પથરાય છે ને જે બાહ્ય વિશ્વમાં નથી દેખાતું તે ભાવનાનું આંતરિક વિશ્વ નજર સામે ખુલે છે. જેમ જેમ અજ્ઞાનનો અંત આવતો જાય છે. તેમ તેમ મૌન પ્રગાઢ થતું જાય છે. અજ્ઞાની કે સામાન્ય માણસો સહજ જ્ઞાન થતાં વધારે બબડતાં થાય છે. જયારે જ્ઞાની ઇન્દ્રિયોને વિષય-રસ-ભોગની સૃષ્ટિમાંથી પાછી ખેંચી આત્મનિગ્રહથી પરમ-પદ પામે છે.